# આજે કેજરીવાલની વારાણસીમાં રેલી

વારાણસી,તા. ૨૪

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આવતીકાલે વારાણસીમાં વિશાળ રેલી યોજનાર છે. આ રેલી દરમિયાન જ કેજરીવાલ આ પવિત્ર શહેરમાંથી ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે ચૂંટણી લડવાની તેમની જાહેરાત કરે તેવી શક્યતા છે. આની ખાતરી કરવા એએપીના કેટલાક વરિષ્ઠ નેતાઓ વારાણસી પહોંચી ચુક્યા છે જેમાં સંજય સિંહનો સમાવેશ થાય છે. આ રેલીમાં એક લાખ લોકો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. એએપીના કાર્યકરો ચલો બનારસના સ્લોગ સાથે ટ્વિટર ઉપર ઝુંબેશ ચલાવી ચુક્યા છે. એએપી દ્વારા બનારસની પસંદગી કરવામાં આવી છે કારણ કે વારાણસીના બદલે બનારસ નામથી લોકો વધારે ઓળખે છે. કેજરીવાલ ચૂંટણી રણશિંગૂ ફૂકશે. ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે ચૂંટણી મેદાનમાં ઉતરવાની જાહેરાત કેજરીવાલ કરશે કે કેમ તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ રહેલી છે પરંતુ કેજરીવાલની ઉત્તર પ્રદેશ અને ખાસ કરીને વારાણસીમાં તેમની યોજનાને સફળ બનાવવા પક્ષના કાર્યકરોએ તૈયારી કરી છે. આમ આદમી પાર્ટીના નેતા કેજરીવાલ લોકસભા ચૂંટણી લડવાની જાહેરાત કરે તેમ માનવામાં આવે છે. તમામ રાજકીય પાર્ટીઓ પોતાની વ્યૂહરચના ઘડવામાં વ્યસ્ત છે. જાન્યુઆરી મહિના બાદથી આમ આદમી પાર્ટીએ પણ તેમની તૈયારી હાથ ધરી છે. આમ આદમી પાર્ટી ભાજપ તરફથી બનાવવામાં આવેલા મુદ્દાઓને ખુલ્લા પાડવા રજૂઆત કરે તેવી શક્યતા છે. આમ આદમી પાર્ટીના કાર્યકરો મંદિરો, જુદા જુદા ઘાટ અને શ્રદ્ધાળુઓ સાથે ભારે વિવાદ જગાવનાર હર હર મોદીના નારા ઉપર વાત કરી ચૂક્યા છે. અલબત મોદીએ પોતે આને નારો ન બનાવવા કહ્યું છે. એવું પણ જાણવા મળ્યું છે કે આમ આદમી પાર્ટીના લોકો પહેલાંથી જ પહોંચી ચૂક્યા છે. આમ આદમી પાર્ટી વચ્ચે મોદીને લઈને પણ પ્રશ્નો



ઉઠાવવામાં આવી રહ્યા છે. અરવિંદ કેજરીવાલ ચૂંટણી પ્રચાર દરમિયાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરે તેમ પણ માનવામાં આવે છે. પૂર્વાંચલ અને ખાસ કરીને વારાણસીમાં પક્ષના નેટવર્કને સ્થાપિત કરવા માટે આમ આદમી પાર્ટી દ્વારા ઘેર ઘેર પહોંચવાના પ્રયાસ ચાલી રહ્યા છે. જાન્યુઆરી મહિનામાં સભ્ય અભિયાન હાથ ધરવામાં આવ્યા બાદથી આમ આદમી પાર્ટીમાં ઘણા લોકો જોડાઈ ચૂક્યા છે. ગ્રામીણ વિસ્તાર, શહેરી વિસ્તારમાં આમ આદમી પાર્ટી સાથે લોકો જોડાયેલા પણ છે.

આમ આદમી પાર્ટીના પૂર્વાંચલ અધિકારી સંજીવસિંહનું કહેવું છે કે દરેક ઘરમાં ઝાડું પહોંચાડવાની પ્રક્રિયા ચાલી રહી છે. અરવિંદ કેજરીવાલ પોતે અહીં પહોંચી રહ્યા છે જેથી લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તમામ વર્ગોની ફરિયાદો સાંભળવામાં આવી રહી છે. કર્મચારી યુનિયન, વેપારીઓ, શિક્ષકો સાથે વાતચીત કરવામાં આવી છે. ૨૫મી માર્ચના દિવસે રેલીમાં કેજરીવાલ મુખ્ય મુદ્દાઓ ઉપર વાત કરનાર છે.

## ચૂંટણી : નેતાઓ પર ક્રાઈમ રેકોર્ડ બ્યુરોની ચાંપતી નજર

નવી દિલ્હી,તા. ૨૪

લોકસભાની ચૂંટણી ઉપર આ વખતે ભ્રષ્ટાચારી પ્રવૃત્તિ બદલ માત્ર ચૂંટણી પંચ અને નાણાંકીય સંસ્થાઓની જ બાજ નજર નથી બલ્કે આ વખતે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (એનસીઆરબી)ની પણ બાજ નજર કેન્દ્રીત થઈ ગઈ છે. પ્રથમ વખત કેન્દ્રીય ગૃહમંત્રાલય તરફથી આદેશ મળ્યા બાદ આ સંસ્થા ચૂંટણી સંબંધિત ગુનાઓ ઉપર આંકડા એકત્રિત કરશે. ચૂંટણી સંબંધિત ગુનાઓમાં દારૂ, નાણાંના વિતરણ, કોમવાદી અને ઘૃણાસ્પદ ભાષણો, રાજકારણીઓ દ્વારા ખોટી એફીડેવીટ, ચૂંટણી હિંસા, બોગસ મતદાન અને બદનક્ષી જેવી બાબતો ઉપર નજર રાખશે. ચૂંટણી પંચ ઉપરાંત નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોની નજર આ તમામ બાબતો ઉપર કેન્દ્રીત રહેશે. આ આંકડા ચૂંટણી પંચને જરૂરી પગલાં લેવામાં મદદરૂપ થશે. સુરક્ષાદળો અને નાણાંકીય સંસ્થાઓની દૃષ્ટિએ સંશાધનો એકત્રિત કરવામાં આવશે. ચૂંટણી દરમિયાન ભ્રષ્ટાચારની પ્રવૃત્તિને રોકવા માટે આ વખતે વિશેષ પગલાં લેવામાં આવી રહ્યા છે. ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણી અને આ વર્ષે યોજાયેલી કોઈપણ વિધાનસભાની ચૂંટણીમાં તેનો ઉપયોગ કરવામાં આવશે. જો કે એકત્રિત કરવામાં આવેલા માસિક આંકડા, આગામી સામાન્ય ચૂંટણી માટેના આંકડા એકત્રિત કરવામાં આવશે. દરેક રાજ્યમાં પોતાની જુદી ચૂંટણી વ્યવસ્થા છે. કેટલાક રાજ્યોમાં કોમવાદી સમસ્યા રહેલી છે. જ્યારે અન્ય રાજ્યોમાં જાતીય અથડામણની સ્થિતિ છે. ચૂંટણી દરમિયાન કેટલાક રાજ્યોમાં હિંસા ભડકી ઉઠે છે. ગયા વર્ષે કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા એનસીઆરબીની સમીક્ષાની નોંધ લેવામાં આવી હતી. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના આંકડાઓ એકત્રિત કરવામાં આવ્યા બાદ આ આંકડાઓ પંચ સમક્ષ પણ રજૂ કરવામાં આવશે. કોઈપણ પ્રકારની હિંસા ચૂંટણી દરમિયાન ન થાય તથા શાંતિપૂર્ણ અને સ્વતંત્ર વાતાવરણમાં મતદાન થાય તેની ખાતરી કરવાના પ્રયાસ કરવામાં આવશે.

## રાજનાથ અને વસુંધરા રાજેએ વિશ્વાસઘાત કર્યો છે : જશવંતસિંહ

નવીદિલ્હી,તા. ૨૪

બાડમેરમાંથી ભાજપની ટિકિટ નહીં મળ્યા બાદ ભારે લાલઘૂમ થયેલા જશવંતસિંહે આજે અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી હતી. મોડેથી ભાજપ સાથે છેડો ફાડવાની પણ જાહેરાત કરી હતી. ઉમેદવારીપત્ર દાખલ કરતા પહેલા જશવંતસિંહે બાડમેરમાં પોતાના પુત્ર અને ભાજપના ધારાસભ્ય માનવેન્દ્ર સાથે વાતચીત કરી હતી અને ત્યારબાદ કેલક્ટોરેટ કચેરી ઉપર પહોંચીને પોતાના ઉમેદવારીપત્રો ભર્યા હતા. બાડમેરમાંથી ભાજપે ટિકિટ નહીં આપતા તેઓ નાખુશ દેખાઈ રહ્યા હતા. આખરે અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી દાખલ કરી દીધી હતી. ઉમેદવારીપત્ર દાખલ કર્યા બાદ એક જનસભાને સંબોધતા કહ્યું હતું કે, ભાજપના ટોચના નેતાઓએ વિશ્વાસઘાત કર્યો છે. ભાજપ પ્રમુખ રાજનાથસિંહ અને વસુંધરા રાજે દ્વારા તેમની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે, ભાજપમાં એવા લોકો છે જે તેમને હવે નુકસાન કરી રહ્યા છે. રાજનાથસિંહે સૌથી વધારે નુકસાન પહોંચાડ્યું છે. બીજી વખત



રાજનાથસિંહે તેમને નુકસાન કર્યું છે. તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આ તમામ યોજના રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેની છે. ભાજપે જશવંતસિંહને બાડમેરમાંથી ટિકિટ આપી ન હતી પરંતુ થોડાક દિવસ પહેલા કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થયેલા કર્નલ સોનારામ ચૌધરીને ટિકિટ આપી દેવામાં આવી છે. આ અગાઉ બાડમેરમાં રોડ શો યોજીને જશવંતસિંહે ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી. શો દરમિયાન જશવંતસિહ પોતાના કાર્યકરોની સાથે કુળદેવીના મંદિરમાં પણ પહોંચ્યા હતા. બીજી બાજુ જશવંતસિંહ નારાજ છે ત્યારે વસુંધરા રાજે ડેમેજ કન્ટ્રોલ કવાયતમાં લાગી ગયા છે. વસુંધરા રાજે ઉપર જશવંતસિંહે પ્રહારો કર્યા હતા. જશવંતસિંહે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. ૨૦૦૯માં ભાજપ પ્રમુખ તરીકે રાજનાથસિંહે પક્ષમાંથી તેમની હકાલપટ્ટી કરી દીધી હતી. પીયુનની પણ હકાલપટ્ટી ન થાય તે રીતે તેમની હકાલપટ્ટી થઈ હતી. ભૂતપૂર્વ પ્રધાને કહ્યું હતું કે, તેમના વતન બાડમેરમાંથી તેમની છેલ્લી ચુંટણી લડવાની ઈચ્છા અડવાણી સમક્ષ ૧૮ મહિના પહેલા જ વ્યક્ત કરવામાં આવી હતી. ત્યારબાદ રાજનાથસિંહ અને અડવાણીને પણ આ વાત કરવામાં આવી હતી. કોંગ્રેસના સભ્ય રહી ચુકેલા સોનારામ ચૌધરીને ટિકિટ અપાતા લોકો પણ નાખુશ દેખાઈ રહ્યા છે. વર્તમાન નેતાઓની તેમણે ઝાટકણી કાઢી હતી. સિદ્ધાંતો પર તેઓ ચૂંટણી લડવાઈ જઈ રહ્યા છે.

## બિહારમાં ચૂંટણી પ્રચાર કરવા સોનિયા, મોદી, નીતિશ તૈયાર

નવી દિલ્હી,તા. ૨૪

ભાજપના સ્ટાર પ્રચારક નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી બિહારમાં આક્રમક ચૂંટણી પ્રચાર કરવા માટે તૈયાર છે. આ બંને નેતાઓ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને આરજેડીના વડા લાલૂ યાદવને ટાર્ગેટ બનાવીને પ્રહારો કરે તેવી શક્યતા છે. નીતિશકુમાર પણ ચૂંટણી રેલીને સંબોધનાર છે. આ તમામ સ્ટાર પ્રચારકો આ સપ્તાહમાં જ રોડ શો યોજશે. પક્ષના નેતાઓને મળશે અને કાર્યકરોને સંબોધશે. લાલૂ પ્રસાદ યાદવ પણ હરીફોનો સામનો કરવા માટે તૈયાર છે. નરેન્દ્ર મોદી સસારામમાં ચૂંટણી સભાને સંબોધશે. ગયામાં પણ તેઓ ચૂંટણી સભા કરનાર છે. લોકસભાના અધ્યક્ષ અને કોંગ્રેસના નેતા મીરાકુમારના મત વિસ્તારમાં તેઓ રેલી કરશે. મોદી અગાઉ પુર્ણિયા અને મુઝફ્ફરપુરમાં રેલી યોજી ચુક્યા છે. બંને રેલીમાં મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. સોનિયા ગાંધી એપ્રિલના પ્રથમ સપ્તાહમાં બિહારમાં બે રેલી સંબોધશે જેમાં સસારામ અને ઔરંગાબાદનો સમાવેશ થાય છે. કોંગ્રેસના નેતા



પ્રેમચંદ મિશ્રાએ આજે આ મુજબની માહિતીઆપી હતી. નીતિશકુમાર આવતીકાલે જાહેર સભા સંબોધશે. જેડીયુના પ્રમુખ શરદ યાદવ માધેપુરામાં ચૂંટણી સભા સંબોધશે. આરજેડીના વડા લાલૂ યાદવ પણ રેલીની તૈયારીમાં છે. લોકજન શક્તિ પાર્ટીના નેતા રામ વિલાસ પાસવાન પણ જમુઈમાંથી પ્રચાર કરશે. મોદી ઉપરાંત ભાજપના જે અન્ય નેતાઓ પ્રચાર કરનાર છે તેમાં રાજનાથસિંહ, અડવાણી, સુષ્મા સ્વરાજ, શિવરાજસિંહ ચૌહાણનો સમાવેશ થાય છે. સોનિયા ગાંધી, નીતિશકુમાર અને નરેન્દ્ર મોદીના ત્રણ પ્રચારને લઈને તમામ રાજકીય પક્ષોમાં ગરમી વધી ગઈ છે. મોદીની અગાઉની બે રેલી ખુબ જ સફળ રહી હતી. પૂર્ણિયા અને મુઝફ્ફરપુરમાં મોટી સંખ્યામાં મતદારો પહોંચ્યા હતા.

**કેજરીવાલે ફરિયાદ કર્યા બાદ પંચે નોંધ લીધી**

## ગેસની કિંમતમાં સૂચિત વધારા મામલે પંચે હવે માંગેલી વિગત

નવી દિલ્હી,તા. ૨૪

પહેલી એપ્રિલથી ગેસની કિંમતોમાં વધારાને રોકવા માટે દરમિયાનગીરી કરવા ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરવામાં આવ્યા બાદ ચૂંટણી પેનલે સૂચિત વધારા અંગે સરકાર પાસેથી વિગતોની માંગ કરી છે. કમિશને પહેલાથી જ આ મુદ્દા પર ચર્ચા કરી લીધી છે. ગેસની કિંમતોમાં વધારાના સંદર્ભમાં આદેશ જારી કરતા પહેલા સરકાર પાસેથી વિગતની માંગ કરવામાં આવી છે. સૂત્રોએ




કહ્યું છે કે, કમિશન શનિવારના દિવસે આ મુદ્દા ઉપર વિસ્તૃત બેઠક યોજી હતી. તેની બેઠકમાં આ મામલા ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા થઈ હતી. અગાઉ કમિશને કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ દ્વારા કરવામાં આવેલી ફરિયાદની ગંભીર નોંધ લેવામાં આવી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રી દ્વારા દરખાસ્ત ઉપર હિલચાલ હાથ ધરવામાં આવી હતી. કેજરીવાલે ચૂંટણી પંચને લખેલા પત્રમાં કહ્યું હતું કે, ગેસની કિંમતમાં વધારો ચૂંટણી આચારસંહિતાના ભંગ સમાન છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, આ નિર્ણય મુકેશ અંબાણીના રિલાયન્સ ઈન્ડસ્ટ્રીને જંગી લાભ પહોંચાડવાના હેતુસર લેવામાં આવ્યો છે. બીજી બાજુ પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલીએ સ્પષ્ટતા કરી હતી કે, પહેલી એપ્રિલથી ભાવ વધારાના નિર્ણય ઉપર સરકાર મક્કમ છે. આ નિર્ણય ચોક્કસપણે અમલી બનશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જાહેરક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ માટે ગેસ કિંમતો વધારવાનો નિર્ણય સરકારી પ્રક્રિયા મારફતે લેવામાં આવ્યો છે. કેબિનેટે બે વખત આ અંગે વિચારણા કરી હતી ત્યારબાદ મંજુરી આપવામાં આવી છે.

## ભારત પાસે દારૂગોળા અને હથિયારનો ભારે અભાવ છે

નવી દિલ્હી,તા. ૨૪

વિશ્વમાં બીજી સૌથી મોટી આર્મી પાસે હજુ પણ પૂરતા પ્રમાણમાં હથિયારો અને દારૂગોળાનો જથ્થો નથી. આવી સ્થિતિમાં ભારતીય સેના પણ હવે આ બાબતને લઈને ઉત્સુક છે કે મે મહિનામાં કેન્દ્રમાં બનનાર નવી સરકાર સક્રિયપણે આશરે ૧૯૨૫૦ કરોડની તેની નવી દારૂગોળા અને હથિયારો સાથે સંબંધિત રૂપરેખાને ટેકો આપશે. વિશ્વમાં બીજી સૌથી મોટી જવાનો ધરાવતી સેના પાસે પૂરતા પ્રમાણમાં હથિયારો નથી. વોર વેસ્ટેજ રિઝર્વ (ડબલ્યુડબલ્યુઆર)નો જથ્થો પૂરતો નથી. આર્મી પાસે ૫૦ ટકા ડબલ્યુડબલ્યુઆરનો જથ્થો હોવો જોઈએ અને ૨૦૧૫ સુધી ત્રણ વર્ષનો ટ્રેનીંગ દારૂગોળો હોવો જોઈએ. સેનાના વડા વિક્રમજીતસિંહે થોડક સમય પહેલાં જ કહ્યું હતું કે જો નવા દારૂગોળા માટે યોગ્ય બજેટ સમર્થન મળે તો સેના પાસે ઉપરોક્ત જથ્થો હોવો જોઈએ. બીજા શબ્દોમાં હાલમાં સેના પાસે ૫૦ ટકા પણ ડબલ્યુડબલ્યુઆર નથી. એનો મતલબ એ થયો કે ૨૦ દિવસ સુધી પણ યુદ્ધ લડવાની સ્થિતિમાં ભારત પાસે પૂરતા પ્રમાણમાં દારૂગોળા અને હથિયારની વ્યવસ્થા નથી પરંતુ ૨૦૧૯ સુધી ૧૦૦ ટકા



ડબલ્યુડબલ્યુઆર પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. જંગી અછતના પરિણામ સ્વરૂપે ઓપરેશનલ તૈયારી અને ટ્રેનીંગ એમ બંને ઉપર માઠી અસર થાય છે. ભારતીય સેનામાં ૧.૧૮ મિલિયન જવાનો છે. વિશ્વની બીજી સૌથી મોટી સેના છે. કેન્દ્રમાં નવી સરકાર હવે બનનાર છે. ધારાધોરણ કહે છે કે તીવ્ર લડાઈના ૪૦ દિવસ માટે પૂરતા પ્રમાણમાં ડબલ્યુડબલ્યુઆર હોવા જોઈએ. સેનાએ નવી માઉન્ટેટ સ્ટ્રાઈક કોર્પ ઊભી કરવાની શરૂઆત કરી દીધી છે. માઉન્ટેન સ્ટ્રાઈક કોર્પ આગામી સાત વર્ષમાં ૯૦ હજાર સૈનિકોની સાથે અમલમાં આવી જશે. આના કારણે ચીન સામે ભારતની તાકાત વધશે. આર્મી પાસે હાલ ૧૩ કોર્પ છે જેમાં ત્રણ સ્ટ્રાઈકનો સમાવેશ થાય છે. આના હેડ ક્વાર્ટર મથુરા (વન કોર્પ), અંબાલા (કોર્પ-૨), ભોપાલ (કોર્પ ૨૧)નો સમાવેશ થાય છે. એકબાજુ નવી ટોપ, હેલિકોપ્ટર, એન્ટીટેન્ક ગાઈડેડ મિસાઈલ અથવા એર ડિફેન્સ ગનને આધુનિક બનાવવામાં આવી નથી. બીજી બાજુ ઓપરેશનલ તૈયારીને લઈને દુવિધા છે. આ તમામ સંજોગોને ધ્યાનમાં લેતા ભારતીય સેના અતિ ઝડપથી આગળ વધે તેવી શક્યતા છે. સરંક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ રૂપરેખાને મંજૂરી આપી દીધી છે જેથી કેન્દ્રમાં આવનાર નવી સરકાર તેને આગળ લઈ જશે.

## લોકસભા ચૂંટણી વેળા માઓવાદી હુમલો થશે

નવી દિલ્હી,તા. ૨૪

લોકસભાની ચૂંટણી નજીક પહોંચતા દેશના પૂર્વીય ભાગોમાં માઓવાદી પ્રવૃત્તિમાં વધારો થયો છે. રાજ્યમાં માઓવાદીઓ હુમલા કરવા તૈયાર છે. સુરક્ષા દળોના નૈતિક જુસ્સાને તોડવા અને સામાન્ય લોકોની અંદર દહેશત જગાવવાના હેતુસર તૈયારી કરવામાં આવી છે. ગયા, નવાડા, ઔરંગાબાદ, જેહાનાબાદ, અરવાલ, સસારામ જેવા વિસ્તારોમાં માઓવાદી પ્રવૃત્તિ વધી ચુકી છે. આ વિસ્તારો સાથે ઝારખંડની સરહદો આવેલી છે. માઓવાદીઓ મોટાપાયે હુમલાઓ ભૂતકાળમાં પણ કરી ચુક્યા છે. માઓવાદીઓ નક્સલવાદ તરીકે પણ જાણીતા રહ્યા છે. ૧૯૬૦ બાદથી માઓવાદી હુમલામાં હજારો લોકોના મોત થઈ ચુક્યા છે. માઓવાદીઓ મોટાભાગે પોલીસ અને રાજકારણીઓને ટાર્ગેટ બનાવતા આવ્યા છે. સરકારે હંમેશા માઓવાદીઓ પ્રત્યે હળવું વલણ અપનાવ્યું છે. માઓવાદીઓ ભારતના ૬૩૦ જિલ્લાઓ પૈકી ઘણા જિલ્લાઓમાં સક્રિય છે અને તેમના સાત હજાર બંડખોરો છે.

## સમાચાર ઝલક

- *આધારકાર્ડ કોઇ એજન્સીમાં ઓળખ તરીકે ન દર્શાવી શકાય : સુપ્રીમ કોર્ટ*
- *તુર્કસ્તાનમાં સિરીયાના વિમાનની ઘુસણખોરી કરતાં તોડી પડાયું.*
- *આતંકવાદીઓની ચૂંટણીમાં આતંક ફેલાવવાની યોજના પાર પાણી ફરી વળ્યું.*
- *શરદ પવારના વિવાદાસ્પદ નિવેદનની ચૂંટણીપંચે તપાસ શરૂ કરી.*
- *ચૂંટણી સમયે કડક ચેકીંગ થતાં લાખો રૂપિયાનો દારૂ શામળાજી ચેકપોસ્ટ નજીક પકડાયો છે.*
- *સાસણગીરમાં સિંહદર્શન માટે પ્રવાસીઓ અને કર્મચારીઓ વચ્ચે મારામારીનો બનાવ.*
- *કચ્છમાં એક જ પરિવારનાં ૭ વ્યક્તિઓની હત્યા.*
- *મુંબઇમાં સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ૧ રૂપિયે લીટર પાણી એ.ટી.એમ. દ્વારા આપવાની યોજના બનાવી.*
- *રાજકોટમાં આઇ.ઓ.સી. ટેન્કમાં આગ લાગી.*
- *શેરબજારની લાલચોળ તેજી સાથે આગેકૂચ*
- *બળવાખોર નેતાઓએ વિવિધ જગ્યાએ ઉમેદવારી નોંધાવી.*
- *હૈદરાબાદનાં શોપિંગ કોમ્પલેક્ષમાં ભીષણ આગ.*
- *દક્ષિણ હિન્દ મહાસાગરમાં લાપતા વિમાનનો અણસાર.*
- *ઇજિપ્તની કોર્ટે પૂર્વ પ્રમુખ મોર્સીના ૫૨૯ ટેકેદારોને મોતની સજા ફટકારી.*
- *રિઝર્વ બેંક વ્યાજદર યથાવત રાખે તેવી અટકળો.*
- *રાજકોટમાં બાળકોના યોગ શિબિરમાં મોહનભાઇ કુંડાળીયાનું ટીકાપાત્ર વર્તન.*
- *અલનીનોના આશંકા કૃત્રિમ, બજારોમાં વસ્તુઓની તંગી ઉભી કરવાનું ષડયંત્ર.*
- *સૈનિકોને અપાયેલી જમીન પર દબાણ થયું હોય તે બાબતે તપાસ કરવા સુપ્રીમનો આદેશ.*
- *ખંડણીખોરો દ્વારા સુરતનાં ભંગારનાં વેપારીઓનું અપહરણ કરી રૂા. ૧૫ લાખની માંગણી કરાઇ.*

**વિચારયાત્રા** (પાના નં. ૪ નું ચાલુ)

એક પુરુષ કર્મચારીનું કહેવું છે કે સ્ત્રી પોતાના શરીરનો ઉપયોગ બોસની ફેવર મેળવવા કે બઢતી મેળવવા માટે કરે ત્યારે બીજા અનેક સિનિયર પુરુષોને કેટલું સહન કરવું પડતું હોય છે તે પીડા કોને કહે. પુરુષને સ્ત્રી દ્વારા ઉશ્કેરવામાં આવે તો ઉશ્કેરાવાનું નહીં તે પુરુષ તરીકેની વિટંબણાઓ કોને કહે? કેટલાય પુરુષોને થાય છે કે તેઓ સ્ત્રીની જિંદગી જીવે પણ તે શક્ય નથી કારણ કે સમાજ સ્ત્રીને પુરુષની જેમ જીવતાં સ્વીકારી શકે છે પણ પુરુષને લગ્ન કર્યા વગર ઘરમાં બેઠેલો ન કમાતો ઘરકામ કરતો કલ્પી નથી શકતો.

સતત પુરુષ હોવાનું પુરવાર કરવું સહેલું નથી. પુરુષ પણ એક જીવંત વ્યક્તિ છે તે મોટે ભાગે વિસારીને જ તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે. પુરુષાતનની સાબિતીની તલવાર પર ચાલતા નટ જેવા પુરુષની માનસિક હાલત અંગે ક્યારેય વિચારવામાં નથી આવતું એય સાચું. પુરુષની માનસિકતા ગળથૂથીમાં પિવડાવવામાં આવી હોય છે અને જો કોઇ પુરુષ તેમાં અપવાદરૂપ વલણ કરે તો તેણે અનેક ટીકાઓનાં બાણ સહેવા તૈયાર રહેવું પડે છે.

પુરુષની માનસિકતામાં પ્રવેશ કરતાં સમજાય કે તાણગ્રસ્ત સતત સિગારેટની ફૂંકો મારતો કે બારમાં પેગ પર પેગ પીતો પુરુષ અંદરથી પણ કેટલો બળી રહ્યો હોય છે. પુરુષ તરીકે બોસનો ગુસ્સો સહેવો કે ક્લાયન્ટની સામે નીચી નજરે વાત કરતા અસહાય પરિસ્થિતિ અનુભવવી કેટલી અઘરી હોય છે. પુરુષનું પુરુષાતન લોહીમાં ટેસ્ટોસ્ટેરોનની જેમ લઈને ફરવાનું સહેલું નથી. માન્યતાના ચશ્મા પહેરીને જ સદાય પુરુષોને જોવામાં આવે છે પણ જે સ્ત્રીઓ વ્યક્તિસ્વતંત્રતામાં માને છે તે પુરુષને પણ વ્યક્તિ તરીકે પહેલાં જોશે જ. પુરુષની માનસિકતા પણ તો સમાજની બનાવેલી છે. દુનિયામાં અડધી વસ્તી સ્ત્રીઓની હોય તો આ માનસિકતા ઘડવામાં સ્ત્રીઓનો પણ હાથ ખરો કે નહીં? જવાબ મળશે?

**ફોટો જર્નાલિસ્ટ ગેંગરેપ કેસમાં સજા પર નજર**

## મુંબઈ ગેંગરેપ કેસ : સજાની જાહેરાત કોર્ટ દ્વારા આજે થશે

### ટેલિફોન ઓપરેટર અને ફોટો જર્નાલિસ્ટ ગેંગરેપ કેસમાં ત્રણ દોષિત : ચાર્જની કોપી પર હસ્તાક્ષરનો સ્પષ્ટ ઈન્કાર

મુંબઈ,તા. ૨૪

મુંબઈ સેશન્સ કોર્ટે આજે ભારે ચકચાર જગાવનાર ફોટો જર્નાલિસ્ટ ગેંગરેપ કેસમાં સજા મોકૂફ રાખી હતી. હવે આવતીકાલે સજાની જાહેરાત કરવામાં આવશે. ત્રણ સામાન્ય આરોપી સામે આઈપીસીની કલમ ૩૭૬(ઈ) ઉમેદવારની પ્રોસીક્યુશનની અપીલને સ્વીકારી લઈને મુંબઈની સેશન્સ કોર્ટે ગેંગરેપ કેસમાં સજા અનામત રાખી હતી. આવતીકાલે હવે સજા કરવામાં આવશે. ટેલિફોન ઓપરેટર અને ફોટો જર્નાલિસ્ટ ગેંગરેપ કેસમાં ત્રિપુટી મોહમ્મદ સલીમ અન્સારી, વિજય મોહન જાદવ અને મોહમ્મદ કાસીમ અપરાધી છે. આ બંને કેસમાં સામાન્ય અપરાધી તરીકે તેમને જાહેર કરવામાં આવ્યા છે. અપરાધી નહી હોવાની રજૂઆત કરીને અપરાધીઓએ ચાર્જની કોપી ઉપર હસ્તાક્ષર કરવાનો ઈન્કાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ટેલિફોન ઓપરેટર કેસમાં ચુકાદામાં તેઓ હજુ ગયા નથી. ૨૧મી માર્ચના દિવસે કોર્ટે ગયા વર્ષે જુલાઈ મહિનામાં ૧૯ વર્ષીય ટેલિફોન ઉપર ગેંગરેપ મામલામાં ચાર અપરાધીઓની આજીવન કારાવાસની સજા ફટકારી હતી. શક્તિમિલ સંકુલમાં આ બનાવ બન્યો હતો. જો કે, કોર્ટે ફોટો જર્નાલિસ્ટ કેસમાં ચુકાદો આજ સુધી અનામત રાખ્યો હતો. ત્રણ સામાન્ય અપરાધીઓ ઉપર વધારાના આરોપો ઘડવાની માંગ કરવામાં આવી હતી. સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર ઉજ્જવલ નિકમ દ્વારા વધારાના આરોપો ઘડવાની માંગ કરીને અરજી દાખલ કરી હતી.